# SIR P T SCIENCE COLLEGE, MODASA

## NSS Regular activities

## Year: 2025-26



Submitted by

**"NATIONAL SERVICE SCHEME UNIT"**


Program Officer
Dr. Vandana R. Patel

Principal
Dr. K. P. Patel

| Sr. No. | Activities | Date | Month | Year | No. Of Present Students |
|---|---|---|---|---|---|
| 1. | Yoga Day | 21 | June | 2025 | 48 |
| 2. | Samvidhan Hatya Divash | 25 | June | 2025 | 32 |
| 3. | Reli on Celebration of Nasha mukti Pakhavadiyu | 26 | June | 2025 | 18 |
| 4. | Tree Plantation | 4 | July | 2025 | 36 |
| 5. | International Co-operation Day | 5 | July | 2025 | 44 |
| 6. | Guru Purnima | 10 | July | 2025 | 100 |
| 7. | World Population Day Celebration | 11 | July | 2025 | 43 |
| 8. | NSS Orientation | 31 | July | 2025 | 147 |
| 9. | Health awareness seminar on Empowered girls' health- A Guide to Gynecological Wellness | 1 | Aug | 2025 | 45 |
| 10. | Mehndi Competition | 2 | Aug | 2025 | 18 |
| 11. | Rangoli Competition | 4 | Aug | 2025 | 12 |
| 12. | Lecture on Digital and Legel Protection awareness | 6 | Aug | 2025 | 96 |
| 13. | Poster Making Competition | 6 | Aug | 2024 | 8 |
| 14. | Waste to best Competition | 7 | Aug | 2025 | 9 |
| 15. | Rakshabandhan | 8 | Aug | 2025 | - |
| 16. | Farali Dish making Competition | 11 | Aug | 2025 | 2 |
| 17. | Eco Friendly Idol Making Competition | 13 | Aug | 2025 | 4 |
| 18. | Digital Poster Making Competition on Independence Day | 14 | Aug | 2025 | 20 |
| 19. | Independence Day Celebration | 15 | Aug | 2025 | - |
| 20. | Blood donation Camp | 22 | Aug | 2025 | 21 |
| 21. | Mental Health Awareness Program | 28 | Aug | 2025 | 148 |
| 22. | Cleanliness Campaign at Vishma of Bhadarvi Poonam in Modasa | 1 | Sept | 2025 | 27 |
| 23. | Lecture on Cyber Security | 2 | Sept | 2025 | 98 |
| 24. | Women Entrepreneurship Program | 8 | Sept | 2025 | 45 |
| 25. | Cleanliness Campaign at historical Place- Devraj Dham | 17 | Sept | 2025 | 26 |

| Sr. No. | Activities | Date | Month | Year | No. Of Present Students |
|---|---|---|---|---|---|
| 26. | Program to honor of cleaners in campus | 20 | Sept | 2025 | 8 |
| 27. | Career Counselling by Bhramakumari- Swadeshee thi Vikashit Bharat | 22 | Sept | 2025 | 71 |
| 28. | NSS Day Celebration | 24 | Sept | 2025 | 27 |
| 29. | Sashakt nari Sashakt Parivar antargat Health Awareness Program- PHC Modasa | 25 | Sept | 2025 | 31 |
| 30. | Thalassemia Awareness and Testing | 13 | Oct | 2025 | 110 |
| 31. | Celebration of Completation 150 years of Vandematram song | 7 | Nov | 2025 | - |
| 32. | Lecture and Discussion on behalf of birth anniversary of Birsa Munda | 12 | Nov | 2025 | 25 |
| 33. | Celebration of Completation 150 years of Vandematram song- Pratigya | 14 | Nov | 2025 | - |
| 34. | Anti-Corruption Sheri Natak at Primary School, Bherunda | 15 | Nov | 2025 | 17 |
| 35. | NTF antargat Mansika arogy chintan shibir | 19 | Nov | 2025 | 99 |
| 36. | Lecture on Importance of Geeta in Student's Life | 21 | Nov | 2025 | 26 |
| 37. | Constitution Day Celebration | 26 | Nov | 2025 | 45 |
| 38 | Awareness program on World ADIS day and Celebration of Geeta Jaynati | 1 | Dec | 2025 | 60 |
| 39. | Swadeshi thi Vikshit Bharat based Essay Competition | 12 | Dec | 2025 | 17 |
| 40. | Celebration of Youth Day- Swadeshi Sankalp race and reading books of swami vivekanad program | 12 | Jan | 2026 | 46 |
| 41. | Republic Day Celebration | 26 | Jan | 2026 | - |
| 42. | National Voter Day Celebration | 29 | Jan | 2026 | 44 |
| 43. | NSS camp at Bherunda Primary School | 15-21 | Jan | 2026 | 50 |
| 44. | Celebration of World Women Day | 8 | March | 2026 | 49 |

## 1. વિશ્વ યોગ દિવસ ની ઉજવણી:

તારીખ 21/06/2025 શનિવાર ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નુ આયોજન મંડળ ના ભા.મા.શાહ હોલ મા કરવામાં આવ્યું હતું. જેમા યોગ ના માર્ગદર્શક તરીકે પ્રો. વી. સી. શાહ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ડૉ કે. પી. પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## 2. સંવિધાન હત્યા દિવસ ની ઉજવણી:

તારીખ 25/06/2025ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે સંવિધાન હત્યા દિવસ અંતર્ગત વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં ૫ વિધાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. વકૃત્વ સ્પર્ધા નો વિષય લોકશાહી ની જાળવણી રાખેલ હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ડૉ કે. પી. પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## 3. નશા મુક્ત ભારત પખવાડિયું ની ઉજવણી અંતર્ગત રેલી :

તારીખ 26/06/2025 ગુરુવાર ના રોજ **International Day Against Drug Abuse and licit Trafficking** અને **નશામુક્ત ભારત પખવાડિયું** ની ઉજવણી અંતર્ગત અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા રેલી નું આયોજન ટાઉન હોલ થી કરવામાં આવ્યું હતું. જેમાં અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ના વિધાર્થીઓ મોટી સંખ્યા માં પણ જોડાયા હતા. જેમાં એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ અને કોલેજ ના અધ્યાપક શ્રી રાજેશભાઈ ખરાડી પણ જોડાયા હતા.




## 4. વૃક્ષારોપણ:

ધી. મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડલ સંચાલિત સર પી. ટી. સાયન્સ કોલેજ , મોડાસા માં તારીખ 04/07/2025 ના રોજ કોલેજ ના બોટનીકલ ગાર્ડન માં વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં મુખ્ય મહેમાન તરીકે કોલેજ ના પ્રભારી મંત્રી શ્રી સુભાષ ભાઈ શાહ, કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ કે. પી. પટેલ તથા બોટની ડિપાર્ટમેન્ટ ના હેડ ડૉ. એસ. ડી. વેદિયા ના હસ્તે છોડ ની રોપણી કરવામાં આવી. જેમાં સિંદૂર ઓપરેશન ના સન્માન માં સિંદૂર ના છોડ ની રોપણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કોલેજ ના એન.એસ.એસ. અને એન.સી.સી વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના. આર. પટેલ અને ડૉ .ગીતા એન. બારીઆ અને દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં એન. એસ. એસ. ના સ્વયં સેવકો જોડાયા હતા.







## 5. આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી અંતર્ગત વ્યાખ્યાન અને નિબંધ સ્પર્ધાનું આયોજન:

તારીખ 5/7/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી અંતર્ગત વ્યાખ્યાન અને નિબંધ સ્પર્ધાનું આયોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં ૪૪ વિધાર્થીઓ હાજર રહ્યા હતા.જેમાં મુખ્ય વક્તા તરીકે ધી. મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ ની કોમર્સ કોલેજ ના ડૉ. જે. એસ. વાઢેર અને ડૉ. આઈ.સી. ચૌધરી હાજર રહ્યા હતા. તેમને વિધાર્થીઓ ને સહકાર એટલે શું? સહકાર વર્ષ કેમ ઉજવવામાં આવે છે? તથા આજે દેશ માટે આ કેટલું ફાયદાકારક છે તેવી વિવિધ માહિતી આપી હતી અને ત્યારબાદ વિધાર્થીઓ આં વિષય સબંધિત નિબંધ લખ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ડૉ કે. પી. પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## 6. ગુરુ પૂર્ણિમા ની ઉજવણી:

તારીખ 10/07/2025 ગુરુવાર ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે ગુરુ પૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન .એસ. એસ. ના સ્વયં સેવકો દ્વારા કોલેજ ના તમામ ગુરુજન નું કંકુ ના ચાંદલા કરી ને સન્માન કરવામાં આવ્યું હતું. અને સાકર ખવડાવીને મોં મીઠું કરાવવામાં આવ્યું. તથા ગુરુજન દ્વારા વિધાર્થીઓ ને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.




## 7. World Population Day નું ઉજવણી:

તારીખ 11/07/2025 શુક્રવાર ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે World Population day ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ ના પ્રિન્સીપાલ ડો. કે. પી. પટેલ દ્વારા એન . એસ. એસ. ના સ્વયંસેવકો ને આ દિવસ નું મહત્વ સમજવા માટે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ દિવસ કેમ ઉજવવામાં આવે છે તથા આપણા દેશ ભારત ની જન સંખ્યા ને ધ્યાન માં રાખીને ભવિષ્ય માં કઈ વસ્તુ નું ધ્યાન રાખવું જોઈ તેની પણ માહિતી આપવામાં આવી હતી. તથા આ વિષય પર વિધાર્થીઓ નું મંતવ્ય લેવા માટે એક ડિબેટ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.




## 8. NSS Orientation:

તારીખ 31/7/2025 ગુરુવાર ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે F.Y.B.Sc ના નવા આવેલા વિધાર્થીઓ માટે NSS Orientation નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. કે. પી. પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ નું સંચાલન એન.એસ.એસ. ના સ્વયં સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ એ PowerPoint presentation દ્વારા નવા વિધાર્થીઓ ને NSS ની વધુ માહિતી આપી હતી. તથા NSS ના ગત વર્ષ ના કાર્યક્રમ અને વધુ માહિતી સમજાવતો વિડીયો પણ બતાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 9. Health awareness seminar on Empowered girls' health- A Guide to Gynecological Wellness:

તારીખ 1/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી "નારી વંદન ઉત્સવ" અંતર્ગત હેલ્થ જાગૃતિ વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા ના gynecologist ડોક્ટર ખુશી પટેલ આ વ્યાખ્યાન માટે હાજર રહ્યા હતા. તેમના દ્વારા વિધાર્થીનીઓ ને સ્ત્રી સંબધિત રોગો અને તેનાથી કેવી રીતે બચી શકાય તેની ખુબજ જ સરસ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ માં કોલેજ ની લગભગ ૪૫ જેટલી વિધાર્થીનીઓ હાજર રહી હતી.







## 10.<u>મેહંદી સ્પર્ધા:</u>

તારીખ 2/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી “નારી વંદન ઉત્સવ” અંતર્ગત મેહંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 18 વિધાર્થીનીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.







## 11.<u>રંગોળી સ્પર્ધા:</u>

તારીખ 4/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી “નારી વંદન ઉત્સવ” અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 12 વિધાર્થીનીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.







## 12.Digital and Legel Protection awareness અંતર્ગત વ્યાખ્યાન:

તારીખ 06/08/2025 શુક્રવાર ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે Digital and Legel Protection awareness અંતર્ગત વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડો. સોનિયા જોશી હાજર હતા. તેમના દ્વારા વિધાર્થીઓ ને આજ ના સમય માં જ્યાં બધું જ ડીજીટલ થઇ રહ્યું છે તેવા સમય માં ડીજીટલ અને લીગલ પ્રોટેકશન વિષે તમામ ણે જાણ હોવી જ જોઈએ તેના પર ખુબ સરસ માહિતી આપવામાં આવી હતી. વિધાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો ના પણ ખુબ સરળ અને યોગ્ય જવાબ મેડમ દ્વારા માં આપવામાં આવ્યાસ હતા. કાર્યક્રમ માં ૯૬ વિધાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 13.પોસ્ટર મેંકીગ સ્પર્ધા:

તારીખ 6/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી "નારી વંદન ઉત્સવ" અંતર્ગત પોસ્ટર મેકીગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 8 વિધાર્થીનીઓ એ ઉત્સાહ

પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.










## 14.વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા:

તારીખ 7/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી "નારી વંદન ઉત્સવ" અંતર્ગત વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 9 વિધાર્થીનીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.





## 15.રક્ષાબંધન ની ઉજવણી:

તારીખ 8/8/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન .એસ. એસ. ના સ્વયં સેવકો દ્વારા કોલેજ ના તમામ ગુરુજન ને રાખડી બાંધી ને રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 16.ફરાળી વાનગી મેંકીગ સ્પર્ધા:

તારીખ 11/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી "નારી વંદન ઉત્સવ" અંતર્ગત ફરાળી વાનગી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 2વિધાર્થીનીઓ એ

ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.






## 17.ઇકો- ફ્રેન્ડલી મૂર્તિ મેંકીગ સ્પર્ધા:

તારીખ 13/8/2025ના રોજ CWDC અને NSS ના સહિયારી ભાગીદારી થી "નારી વંદન ઉત્સવ" અંતર્ગત ઇકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 4 વિધાર્થીનીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ડૉ. કે. પી. પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ અને CWDC ના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું.






## 18.સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી અંતર્ગત ડીજીટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધા:

તારીખ 14/08/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે"હર ઘર તિરંગા" અને સ્વાતંત્ર દિવસ ની ઉજવણી અંતર્ગત "Digital Poster Making Competition" આયોજિત કરવા માં આવ્યો હતો. જેમાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો એ 15 મી ઓગસ્ટ ની થીમ પર ડિજીટલ પોસ્ટર બનાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ

ઓફિસર ડૉ. વંદના આર. પટેલ  અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 19.<u>સ્વતંત્ર દિવસ ની ઉજવણી:</u>

ધી મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા ખાતે તા. 15/08/2025 ના દિને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ નું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મંડળ સંચાલિત તમામ કોલેજના અધ્યાપકો,મંડળના તમામ હોદેદારો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા.







## 20.<u>બ્લડ ડોનેશન કેમ્પ:</u>

તારીખ 22/8/2025 ના રોજ ધી મ. લા. ગાંધી ઉ.કેળવણી મંડળ મોડાસા દ્વારા સંસ્થા ની તમામ કોલેજ નો સામુહિક બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ એ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માટે GMERS જર્નલ હોસ્પિટલ, હિંમતનગર માંથી બ્લડ ડોનેશન કેમ્પ માટે મેડિકલ અને નર્સિંગ સ્ટાફ હાજર રહ્યા હતા.

કોલેજ ના 21 વિધાર્થીઓ એ આ કેમ્પ માં બ્લડ ડોનેશન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ અને બીજા મંત્રીશ્રીઓં પણ હાજર રહ્યા હતા. કોલેજ ના પ્રભારી મંત્રી શ્રી સુભાષભાઈ શાહ અને કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. કે. પી. પટેલ ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાર્થીઓ ને અંતે બ્લડ ડોનેટ કર્યા નું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું.




## 21. Mental Health Awareness Program:

તારીખ 28/8/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. અને રોટરી ક્લબ ના સહયોગ થી"Mental Health Awareness Programme" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રોટરી ક્લબ મોડાસા ના સભ્યો શ્રી કમલેશ પટેલ, શ્રી સુનીલ પંચાલ, શ્રી મહેશ પટેલ તથા બોટની ડિપાર્ટમેન્ટ ના હેડ ડૉ. સંજય ડી વેદિયા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ ના મુખ્ય વક્તા તરીકે મુકેશભાઈપરમાર હાજર રહ્યા હતા. તેમને પોતાના વ્યાખ્યાનમાં સ્વયંસેવકો ને મેન્ટલ હેલ્થ ને સમજવા અને તેને સુધારવાના ઉપાય વિષે ખૂબ જ સારી માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## 22.ભાદરવી પૂનમ ના મેળા ના વિસામા માં સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્ત ભારત માટે જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ:

અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમ ના મેળામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે અમારી કોલેજ ધી મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા ના એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા તારીખ 1/9/2025 ના રોજ મોડાસા ના કિયા મોટર ના શો રૂમ અને સાઈ મંદિર આગળ આવેલ યાત્રીઓ માટે ના વિસામા માં જઈ ને ત્યાંથી પસાર થતા પદયાત્રીઓ ને પ્લાસ્ટિક નો ઓછો ઉપયોગ કરવો અને ઘરે થી થાળી અને ગ્લાસ્ લઇ ને આવવા જેવી બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી. સ્વયંસેવકો એ યાત્રીઓ સાથે ચર્ચા કરી ને પ્લાસ્ટિક નો જેટલો ઓછો ઉપયોગ થાય તેની વિનંતી કરી હતી.





## 23.Cyber Security Awareness Program:

તારીખ 02/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે Cyber Security Awareness માટે નો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં મોડાસા પોલીસ મથક ના PSI વિપુલ ભાઈ ચૌધરી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માં

વિધાર્થીઓ ને cyber ફ્રોડ કેવી રીતે થાય છે? તથા તેનાથી કેવી રીતે બચી શકાય છે તેની માહિતી આપવામાં આવી હતી.તે ઉપરાંત મહિલા રક્ષણ વિશે ના કાયદા અને હેલ્પલાઇન નબર પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં કોલેજ ના સ્ટાફમિત્રો પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ  દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 24.<u>Women Entrepreneurship Program:</u>

તારીખ 08/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે Women Entrepreneurship ના  કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં શ્રી સચિન પટેલ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા.  સચિનભાઈ દ્વારા કોલેજ ની તમામ વિધાથીનીઓ ને સરકાર દ્વારા  મહિલા ઉદ્યોગ ને સબંધિત યોજના ની માહિતી આપવામાં આવી હતી. તેમજ આ યોજના માં જોડવા માટે રજીસ્ટ્રેશન પણ કરાવ્યું હતું. તેના માટે ની ટ્રેનીગ માટે વિધાર્થીઓ નું સિલેકશન બીજા તબક્કા માં કરવામાં આવશે તેની પણ માહિતી અપાવામાં આવી હતી. આ કાર્યક્રમ માં 44 જેટલી વિધાથીનીઓ હાજર રહી ણે સંપૂર્ણ માહિતી મેળવી હતી. આ કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને પ્લેસમેન્ટ સેલ ના સભ્યો  દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 25.પર્યટક સ્થળ ની મુલાકાત અને સ્વચ્છતા:

તારીખ 17/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત “સ્વચ્છોત્સ્વ” વિષય અંતર્ગત મોડાસા ના પર્યટક સ્થળ દેવરાજધામ પર સ્વચ્છતા નું કાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા મંદિર ના પ્રાંગણ, પગથિયાં તથા આસપાસ ના વિસ્તાર ની સાફ-સફાઈ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## 26.સફાઈકર્મીઓ નું સન્માન:

તારીખ 20/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. વિભાગ અને કોલેજ ના અધ્યાપક ડૉ. મનોજ ગોંગીવાલા દ્વારા ધી મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ, મોડાસા ના તમામ સફાઈકર્મીઓ ના સન્માન નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ

કાર્યક્રમ માં ડૉ. ગોંગીવાલા તરફ થી દરેક ને એક -એક છોડ અને એક-એક પારલેજી બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.






## 27.સ્વદેશી થી વિકસિત ભારત વિષય પર વ્યાખ્યાન અને Career Guidance:

તારીખ 22/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. અને placement cell ની સહિયારી ભાગીદારી થી "સ્વદેશી થી વિકસિત ભારત" અભિયાન અંતર્ગતcareer guidance પર વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે બ્રહ્માકુમારીસ મોડાસા માંથી બ્રહ્મકુમાર ગૌરીશંકર પ્રજાપતિ  હાજર રહ્યા હતા. આ ઉપરાંત બ્રહ્માકુમારી માંથી ઇન્દુબેન તથા અન્ય સભ્યો પણ હાજર રહ્યા હતા. વ્યાખ્યાનમાં સ્વયંસેવકો ને દરેક પ્રકાર ની સ્પર્ધાત્મક પરીક્ષા વિશે અને તેના માટે કઈ રીતે તૈયારી કરવી તેના વિષે ખૂબ જ સારી માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગીતા એન. બારીઆ અને placement cell ના કોડીનેટર ડૉ. જયશ્રી એન. પટેલ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## 28.NSS દિવસ ની ઉજવણી:

તારીખ 24/9/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત "સ્વચ્છોત્સ્વ" વિષય પર નિબંધ સ્પર્ધા અને NSSday ની ઉજવણી કરવામાં આવી હતી. NSS દિવસ ની ઉજવણી હેઠળ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર દ્વારા NSS દિવસ નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત "સ્વચ્છોત્સ્વ" વિષય પર વક્ત્વ સ્પર્ધા  નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયંસેવકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધા માં વિદ્યાર્થીઓ એ "સ્વચ્છોત્સ્વ" વિષય પર પોતાના નિબંધ માં સમાજ માં જાગૃતતા ફેલાવવા માટે ક્યાં કાર્યો કરવા જોઈએ તેની ખુબ સરસ રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ  અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## 29.સશક્ત નારી અને સશક્ત પરિવાર અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ:

ના કોડીનેટર દેવાંશી શર્મા દ્વારા અમારી કોલેજ સર પી ટી સાયન્સ કોલેજ માં સશક્ત નારી અને સશક્ત પરિવાર અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં PHC માંથી આવેલી ટીમ દ્વારા કોલેજ ની વિધાર્થીનીઓ ને સ્વાથ્ય સબંધિત ખુબ સરસ માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત સરકાર દ્વારા આયોજિત સર્વે ફોર્મ પણ ભરાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ   દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.




## 30.થેલેસેમિયા જાગૃતિ અને ટેસ્ટિંગ કાર્યક્રમ:

તારીખ 13/10/2025ના રોજ રેડ ક્રોસ અમદાવાદ અને એન.એસ.એસ વિભાગની સહિયારી કામગીરી હેઠળ કોલેજમાં થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ અને વિદ્યાર્થીઓના થેલેસેમિયા ના ટેસ્ટિંગ માટે અમદાવાદ રેડ ક્રોસ દ્વારા કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં મંડળના ઉપપ્રમુખ અને પ્રભારી મંત્રી શ્રી સુભાષભાઇ શાહ તેમજ મોડાસા રેડ ક્રોસ માંથી શ્રી ભરતભાઇ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કોલેજના Sem 1 ના તમામ વિદ્યાર્થીઓ ના થેલેસેમિયા ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.







## 31.વંદેમાતરમ્ ગીત ની 150 જયંતી ની ઉજવણી:

તારીખ 07/10/2025 ના રોજ અમારી કોલેજ સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા વંદેમાતરમ્ ગીત ને 150 વર્ષ પૂર્ણ થયા ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મંડળ ની તમામ કોલેજ ના સ્ટાફ મિત્રો સાયન્સ કોલેજ માં એકઠા થયા હતા અને

વંદેમાતરમ્ ગીત નું ગાન કર્યું હતું. તેમજ સાયન્સ કોલેજ અને મંડળ ની બીજી કોલેજ ના પ્રિન્સીપાલશ્રીઓ દ્વારા વંદેમાતરમ્ ગીત નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.






## 32. બિરસામુન્ડા ની જન્મજયતિ ની ઉજવણી હેઠળ સંવાદ અને વ્યાખ્યાન:

તારીખ 12/11/૨૦૨૫ ના રોજ ભગવાન બિરસા મુન્ડા ની જન્મ જયંતી ની ઉજવણી અંતર્ગત કોલેજ ની લાઈબ્રેરી માં તેમની આપબીતી દર્શાવતી પુસ્તકો નું વિધાર્થીઓ દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. કે. પી. પટેલ અને બોટની ડીપાર્ટમેન્ટ ના હેડ ડૉ. એસ. ડી. વેદિયા દ્વારા ભગવાન બિરસા મુન્ડા ના જીવનકાળ ની ગાથા વિધાર્થીઓ સમક્ષ રજુ કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વંદના આર. પટેલ અને ડૉ. ગીતા એન. બારીઆ દ્વારા પ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.




Wednesday
12.11.2025

કમલમ્
KAMALAM

**સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા ખાતે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું**

કમલમ્, ધાર્મિક ભટ્ટ
સરકારશ્રી દ્વારા તારીખ ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ સુધી આદિવાસી જાતિના મહાનાયક અને ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણી અંગેની માર્ગદર્શિકાનુસાર બિરસા મુંડાજીના જીવન અને એમણે કરેલા દેશહિત માટેના કાર્યો તેમજ ઈતિહાસ અને આદિવાસી પ્રજા માટેના લોકહિત માટેના સરાહનીય પ્રયત્નો વિષયક વ્યાખ્યાન, નિબંધસ્પર્ધા, ચિત્રકળા સ્પર્ધા વગેરે સ્પર્ધાઓ યોજવાની હોઈ એના અનુસંધાને આજ રોજ સર પી.ટી. સાયન્સ કોલેજ મોડાસા ના એન.એસ.એસ. વિભાગ દ્વારા "જનજાતિ ગૌરવવર્ષ" ની ઉજવણીના ભાગ રૂપે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦ મી જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રી ડો. કે. પી. પટેલ તથા લાઈબ્રેરી ઈન્ચાર્જ ડો.એસ.ડી. વેદિયા દ્વારા બિરસા મુંડાજીના જીવન વિષયક એમનો જન્મ, બાળપણ, અભ્યાસ, સામાજિક અને આધ્યાત્મિક જાગૃતિ માટેના કાર્યો અને અંગ્રેજી શાસન સામે બાંયો ચડાવી એમણે કરેલા સ્વાતંત્ર્ય માટેના સક્રિય પ્રયાસો, ક્રાંતિકારી ચળવળો અને શહીદી વિશે તેમજ આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે એમણે કરેલા પ્રયાસોને બિરદાવી શબ્દાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. વંદનાબેન પટેલ તથા ડો. ગીતાબેન બારીયા તેમજ લાઈબ્રેરીયન મીનાબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમના સફર આયોજન માટે મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી અને કોલેજના સેક્રેટરી શ્રી સુભાષભાઈ શાહ એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કરી શુભેચ્છા પાઠવી હતી.

## 33.વંદેમાતરમ્ ગીત ની 150 જયંતી ની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓના શપથ:

તારીખ 14/11/2025 ના રોજ વંદેમાતરમ્ ગીત ના 150 વર્ષ પૂર્ણ થયા તેના સંદર્ભ માં ગીત નું ગાન, તેનું મહત્વ સમજાવતું વ્યાખ્યાન અને અંતે સ્વદેશી અપનાવવા ની શપથ નું આયોજન કોલેજ કેમ્પસ માં કરવામાં આવ્યું હતું જેમાં કોલેજ ના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યા માં જોડાયા હતા. આ કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. અને એન.સી.સી. ના સહિયારી ભાગીદારી થી કરવામાં આવ્યું.




## 34.ભેરુંડા ની પ્રાથમિક શાળા માં શેરી નાટક :

તારીખ 15/11/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ ના એન. એસ. એસ. વિભાગ દ્વારા દતક લીધેલ ગામ ભેરુંડા ખાતે એન્ટી કરપ્સન બ્યુરો મોડાસા ના માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. ના સ્વયંસેવકો દ્વારા ભેરુંડા પ્રાથમિક શાળા માં શેરી નાટક નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયંસેવકો દ્વારા કરપ્શન કેવી રીતે અને કેટલી જગ્યા એ થાય છે અને તેનાથી કેવી રીતે બચી શકાય તેના વિષે જાગૃતિ ફેલાવી હતી. આ નાટક માટે મોડાસા એન્ટી કરપ્સન બ્યુરો માંથી તેમની ટીમ પણ હાજર રહી હતી. નાટક ના અંતે એન્ટી કરપ્સન બ્યુરો ના શ્રી ભવરસિંહ દ્વારા આ બ્યુરો કેવી રીતે કાર્ય કરે છે તેની પણ ખૂબ સરસ માહિતી આપી હતી.






## 35. NTF અંતર્ગત માનસિક આરોગ્ય ચિંતન શિબિર નું આયોજન:

તારીખ 19/11/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા ખાતે NTF અંતર્ગત માનસિક આરોગ્ય ચિંતન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસા રોટરી ક્લબ ના મુકેશભાઈ પરમાર મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. કોલેજ ના 99 જેટલા વિદ્યાર્થીઓ આ વ્યાખ્યાન / શિબિર માં હાજર રહ્યા હતા. જેમાં મુકેશભાઈ એ વિદ્યાર્થીઓ જોડે વિવિધ પ્રવૃત્તિ કરાવી ને માનસિક આરોગ્ય ને કેવી રીતે વધુ સારું કરી શકાય તેની માહિતી આપી હતી. કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. કે. પી. પટેલ પણ સંપૂર્ણ શિબિર માં વિદ્યાર્થીઓ નો ઉત્સાહ વધારવા હાજર રહ્યા હતા. કાર્યક્રમ નું આયોજન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





## 36. વિદ્યાર્થીઓ ના જીવન માં ભગવદ ગીતાનું મહત્વ અંતર્ગત વ્યાખ્યાન:

તારીખ 21/11/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ માં વિદ્યાર્થીઓ ના જીવન માં ભગવદ ગીતાનું મહત્વ અંતર્ગત વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. બીપીન પટેલ હાજર રહ્યા હતા. આ વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓ ગીતા નો સાર સમજ્યા અને પોતાના જીવન માં કેવી રીતે ગીતા ના સાર નો ઉપયોગ કરી શકાય. બીપીન સર દ્વારા વિવિધ ઉદાહરણ દ્વારા ભગવદ ગીતા ને સરળ ભાષા માં સમજાવ્યું હતું.



## 37. બંધારણ દિવસ ની ઉજવણી:

તારીખ 21/11/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ માં બંધારણ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી . જેમાં કોલેજ ના વિધાર્થીઓ અને સ્ટાફ દ્વારા દેશ ના બંધારણ ને સાચવવા ની શપથ લેવામાં આવી હતી.




## 38. વર્લ્ડ એઇડ્સ દિવસ અને ગીતા જયંતી ની ઉજવણી:

તારીખ 1/12/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ માં ની વર્લ્ડ એઇડ્સ દિવસ અને ગીતા જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ ના રસાયણ વિભાગ ના અધ્યક્ષ ડૉ. ડી. આર. ફૂદાની અને અધ્યાપક ડૉ. એસ. એમ. દવે સર હાજર રહ્યા હતા. ફૂદાની સરે વિધાર્થીઓ ને એઇડ્સ દિવસ કેમ ઉજવવામાં આવે છે અને આપણે વધુ જાગૃતિ ફેલાવવા માટે શું કરવું જોઈએ તેની માહિતી આપી હતી. જયારે દવે સરે વિધાર્થીઓ ને ગીતાના શ્લોક સંભળાવી તેનું મહત્વ સમજવ્યું હતું. તેમને ગીતા ના પાઠ નું મહત્વ પણ વિધાર્થીઓ ને જણાવ્યું હતું.






## 39.સ્વદેશી થી વિકસિત ભારત અંતર્ગત નિબંધ સ્પર્ધા:

તારીખ 5/12/2025 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ માં એન. એસ. એસ. વિભાગ દ્વારા સ્વદેશી થી વિકસિત ભારત ના પ્રચાર હેતુ કોલેજ માં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય "સ્વદેશી થી વિકસિત ભારત માં વિધાર્થીઓ નો ફાળો" રાખવામાં આવ્યો હતો. જેમાં 17 જેટલા વિધાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




## 40.યુવા દિવસ ની ઉજવણી અંતર્ગત સ્વદેશી સંકલ્પ દોડ અને સ્વામી વિવેકાનંદ ની પુસ્તકો નું વાંચન:

તારીખ 12/1/2026 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ માં યુવા દિવસ ની ઉજવણી માટે સ્વામી વિવેકાનંદ નું પુસ્તકો નું વાંચન કોલેજ ની લાઇબ્રેરી માં રાખવામાં આવ્યું હતું. જેથી વિધાર્થીઓ વિવેકાનંદ ના જીવન ચરિત્ર ને સમજી ને પોતાનું જીવન માં કઈ નવી શરૂઆત કરી શકે. આ ઉપરાંત આ દિવસ ના મહત્વ સ્વરૂપે સ્વદેશી સંકલ્પ દોડ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધી. મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ ની તમામ કોલેજ ના વિધાર્થીઓ જોડાયા હતા.












## 41.<u>પ્રજાસતાક દિવસ ની ઉજવણી:</u>

તારીખ 26/1/2026 ના રોજ પ્રજાસતાક દિવસ ની ઉજવણી ધી. મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ ની તમામ કોલેજો દ્વારા મંડળ ના મેદાન માં કરવામાં આવી હતી. મંડળ ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ શાહ દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તથા વિવિધ કોલેજ ના વિધાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.






## 42.રાષ્ટ્રીય મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વ્યાખ્યાન:

તારીખ 29/1/2026 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા માં ધી મ. લા. ગાંધી ઉ. કેળવણી મંડળ ની આર્ટસ કોલેજ અને સાયન્સ કોલેજ ની સહિયારી ભાગીદારીમાં રાષ્ટ્રીય મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત એક વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વક્તા શ્રી રમેશ કપૂર હતા. જેમને વિધાર્થીઓ ને મતદાન નું મહત્વ સમજાવ્યું હતું. તથા જે વિધાર્થીઓ ની ઉમર 18 વર્ષ થઇ ગઈ છે પણ હજી વોટર આઇડી નથી કઢાવ્યું તેમને મોડાસા માં ક્યા સ્થળે જઈ ને અને કેવી રીતે મતદાન પત્રક મેળવી શકાય તેની માહિતી આપી હતી. આં કાર્યક્રમ માં આર્ટસ કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ.જયશ્રી મેડમ અને એન. એસ. એસ. ના પ્રોગ્રામ ઓફિસર દેશમુખ સર પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ નું આયોજન એન. એસ. એસ. ના પોગ્રામ ઓફિસર ડૉ. વી. આર. પટેલ દ્વારા કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. કે. પી. પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## 43.વાર્ષિક ખાસ શિબિર:

તારીખ 15/02/2026 થી 21/02/2026 સુધી ભેરુંડા ખાતે એન. એસ. એસ. ની વાર્ષિક ખાસ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.






## 44. વિશ્વ મહિલા દિવસ ની ઉજવણી:

તારીખ 29/1/2026 ના રોજ સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા માં વિશ્વ મહિલા દિવસ ની ઉજવણી અંતર્ગત કોલેજ ની વિદ્યાર્થીઓ અને મહિલા સ્ટાફ ભા. માં. શાહ હોલ માં કલેક્ટર ના કાર્યક્રમ માં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માં વિવિધ સંસ્થા, આગનવાડીઓ તથા પોલીસ વિભાગ ના સ્ટૉલ પણ હતા. આ વિવિધ સ્ટૉલ ની મુલાકાત કોલેજ ની વિદ્યાર્થિનીઓ એ લીધી હતી અને વિવિધ જાણકારી મેળવી હતી.












*NSS UNIT*

*Sir P. T. Science College, Modasa*